ગાંધીનગર સમાચાર




(તસવીર : કશ્યપ નિમાવત)

બેહાલ બાંકડા - ગાંધીનગર ઉર્ફે બાંકડા નગરમાં આજકાલ તૂટેલા બાંકડા ઠેર ઠેર જોવા મળે છે... ગાંધીનગરના માર્ગો પર અનેક સ્થાનો પર નગરસેવકોએ પોતાની ગ્રાન્ટમાંથી બાંકડા મૂકાવ્યા છે... વૃદ્ધો અને મુસાફરોને બેસવા માટે ઉપયોગી બને પણ છે... કેટલાક સ્થાનો પર બાંકડા આશીર્વાદરૂપ બને છે, તો કેટલાક સ્થાનો પર અભિશાપરૂપ પણ બને છે... આજકાલ કેટલાક સ્થાનો પર તૂટેલા બાંકડા જોવા મળે છે... ત્યારે વડીલો માટે હાલાકી પણ સર્જાય છે... મહાનગરપાલિકા તંત્ર તૂટેલા બાંકડા ઝડપથી હટાવી નવા બાંકડા મુકાવે એ જરૂરી છે....

# શહેરના ૪૧ બાળકોને હૃદયની બિમારી

**પાટનગરની બદલાતી જીવનશૈલીના પડઘા શાળા-આરોગ્ય ચકાસણીમાં પ્રતિબિંબિત થયા : શહેરની પ્રાથમિક શાળાના ૧૩૪ બાળકો તમાકુનુ સેવન કરતા જણાયા : ૨૦૩ બાળકો શરીરની સ્થૂળતા ધરાવે છે તો ૨૦૬૪ બાળકોને દાંતની તકલીફો છે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાના ૪૧ બાળકો હૃદયની બિમારી ધરાવે છે તો બે બાળકો કિડનીની બિમારી અને એક બાળક કેન્સરની ગંભીર બિમારીથી પિડાતા જણાઈ આવેલ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ચાલી રહેલા શાળા-આરોગ્ય ચકાસણીમાં શહેરના બાળપણની ગંભીર અને ચેતવણીજનક હકીકતો બહાર આવી છે. શહેરમાં કુલ ૫૯ બાળકોને હૃદયની તકલીફ જણાઈ છે જેમાં ૪૧ પ્રા. શાળાઓના બાળક, આંગણવાડીના ૧૧ માધ્યમિક શાળાના ૬ અને ૧ અન્ય બાળકને આ બિમારી જણાઈ છે.

બે બાળકો પ્રાથમિક શાળાના અને એક માધ્યમિક શાળાના બાળકને કિડનીની ગંભીર બિમારી જણાઈ છે. તો કેન્સરની બિમારી ૩ બાળકોને જણાઈ છે. જેમાં આંગણવાડી, પ્રા. શાળા અને મા. શાળાના એક એક બાળકનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં બદલાતી જતી જીવનશૈલીની અસરો શહેરના બાળપણ પર પડી છે. ૨૦૩ બાળકો શરીરની સ્થૂળતા ધરાવતા જણાયા છે. જેમાં માધ્યમિક શાળાના ૧૧૨ અને પ્રાથમિક શાળાના ૮૮ તથા આંગણવાડીના ૩ ભૂલકાંઓનો સમાવેશ થાય છે.

સૌથી ચિંતાજનક બાબત આ ચકાસણીમાં જે બહાર આવી છે તેમાં ૨૦૫ બાળકો તમાકુનુ સેવન કરતા જણાયા છે. જેમાં પ્રાથમિક શાળાના બાળકો ૧૩૪ અને માધ્યમિક શાળાના ૭૧ બાળકોનો સમાવેશ થાય છે.

૪૦૫૯ બાળકો પાંડુરોગની બિમારીથી પિડાતા મળી આવ્યા છે. તો ૨૦૮૪ બાળકોને દાંતની ખામી જણાઈ છે. ૨૫૬ બાળકોને આંખની

● અનુસંધાન પાન-૭ પર

# વન વિભાગની ટીમે સાગનુ લાકડુ ભરેલુ ટ્રેક્ટર પકડ્યુ

ગાંધીનગર તા ૨

ગાંધીનગર વન વિભાગની ટીમે જિલ્લાના નારદીપુર રૂપાલ ગામ તરફ જવાના માર્ગ પરથી સાગનુ લાકડુ ભરેલા ટ્રેક્ટર એક શખ્સને ઝડપી લીધો છે. પરવાનગી વિના ગેરકાયદેસર રીતે લાકડાની હેરાફેરી કરતા આ ઈસમના ટ્રેક્ટર તેમજ પહોંચાડતા તત્વોને ડામવા માટે કડક વલણ અપનાવ્યુ છે. જયારે આ અભિયાન દરમિયાન શહેરી વિસ્તારમાં થતી વૃક્ષ કાપવાની પ્રવૃતિને પણ ડામી શકાઈ છે.આ દરમિયાન વન વિભાગ દ્વારા જિલ્લાના સરઢવથી રૂપાલ તરફ જવાના માર્ગ પર સાગના લાકડાની

**સરઢવ રૂપાલ માર્ગ પર પરવાનગી વિના સાગનુ કીંમતી લાકડુ ભરીને જતા ટ્રેક્ટરને ગાર્ડની ટીમે પકડી લીધુ : ટ્રેક્ટર સહીત ૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો**

લાકડા સહીત વન તંત્રએ રૂ ૭ લાખનો મુદામાલ જપ્ત લીધો છે. વિભાગ દ્વારા આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બિનઅધિકૃત રીતે લાકડુ કાપવાના કેસમાં ખાલસા કરવા સુધીના પગલા લેવામાં આવે તેવી શકયતા પણ છે.

શહેરમાં વૃક્ષ છેદનની પ્રવૃતિને અટકાવા માટે તંત્ર દ્વારા બીટ ગાર્ડની ટીમ બનાવી હરિયાળીને નુકશાન ગેરકાયદેસર રીતે હેરાફેરી કરતા શખ્સને ટ્રેક્ટર સાથે ઝડપી લીધો છે. વન તંત્રના ગાર્ડ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાગનુ કીંમતી લાકડુ ગેરકાયદેસર રીતે કાપીને ટ્રેક્ટરમાં લઈ જવાતુ હોવાનુ માલુમ પડતા વન તંત્રની ટીમે ટ્રેક્ટર ચાલકને અટકાવી તપાસ કરી હતી. આ દરમિયાન પરવાનગી વિના લાકડુ કાપી લઈ જવાતુ હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર દ્વારા ટ્રેક્ટર અને લાકડા સહીતનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. વન તંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ દેશી સાગનુ લાકડુ પરવાનગી વિના કાપી બિનઅધિકૃત રીતે હેરાફેરી થતુ હોવાનુ માલુમ પડતા રૂપાલના શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

થોડા સમય અગાઉ પણ તંત્ર દ્વારા સે-૨૫ જી આઈ ડી સી વિસ્તારમાં લીમડાના લીલા વૃક્ષોનુ છેદન થતુ હોવાનુ ધ્યાને આવતા જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રૂ ૮૦ હજારનો દંડ વસુલવામાં આવ્યો હતો.






# વાવોલમાંથી સ્વાઈન ફલુનો દર્દી મળ્યો : જિલ્લામાં પાંચ કેસ થયા

**સારવાર હેઠળના ૩ દર્દીઓ પૈકી ૧ બાળ દર્દી વેન્ટીલેટર પર : દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી શરૂ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરને અડીને આવેલ વાવોલ ગામમાંથી એક ૫૫ વર્ષીય પુરૂષને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં જિલ્લામાં આ રોગના દર્દીઓની સંખ્યા પાંચ પર પહોંચી છે. જેમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૪ અને ગાંધીનગર શહેરના એક દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લામાં સ્વાઈન-ફલુને લઈ એક દર્દીનું મોત નીપજયું છે. આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હાલ સારવાર હેઠળના ૩ દર્દીઓ પૈકી ૧ બાળ દર્દી વેન્ટીલેટર પર છે. હાલ બધા દર્દીઓની હાલત સ્થિર હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે ગાંધીનગર સિવિલમાં શંકાસ્પદ દર્દી તરીકે દાખલ કરાયેલ વાવોલના આધેડને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. તંત્રએ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરી છે પણ કોઈ શંકાસ્પદ કેસ મળી આવેલ નથી.

દર્દી હાલ ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે. હવામાનમાં વારંવાર આવી રહેલો બદલાવ સ્વાઈન ફલુ માટે સાનુકૂળ વાતાવરણ માનવામાં આવી રહેલ છે. તેથી તંત્રએ પણ તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યું છે.

આ ઉપરાંત આ રોગચાળા અંગે લોકોમાં જાગૃતિ આવે તે પર ભાર મુકવામાં આવ્યો છે. તંત્ર દ્વારા જો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો તાત્કાલિક જિલ્લાકક્ષાએ તેની જાણ કરી દર્દીને સમયસર સારવાર પ્રાપ્ત થાય તેવી તજવીજ કરવા પણ સૂચનાઓ આપવામાં આવી છે.

# સમિતિના ચેરમેનોની નિયુક્તીનો મામલો ૧૦મી બાદ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨

૧૦મી ફેબ્રુઆરી પછી પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનોની નિયુક્તી કરવામાં આવશે. હાલ પંચાયતની નવી રચાયેલ સમિતિઓની પ્રથમ બેઠક એક જ દિવસે યોજાય તેવી કવાયત હાથ ધરવામાં આવી છે.

જિલ્લા પંચાયતની ગઈકાલે મળેલ સામાન્ય સભાની બેઠકમાં નવ સમિતિઓની રચના કરવામાં આવી છે. હવે સંબંધિત વિભાગોને સમિતિના ગઠન થયાની જાણ કરી પ્રથમ બેઠક બોલાવવા માટે જણાવવામાં આવશે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે પેથાપુર ન.પા.ની ચૂંટણીની તૈયારીઓ તેમજ અન્ય સંગઠનના કાર્યક્રમોની વ્યસ્તતા વચ્ચે હવે ૧૦મી પછી ચેરમેનોની નિયુક્તીનો મામલો હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ત્રણેક સમિતિના ચેરમેન પદ મહિલાઓને ફાળવવામાં આવશે. બધા તાલુકાઓને સમાવવામાં આવશે તેમ પણ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચના પૂર્ણ થયા બાદ હવે પંચાયતના આગામી વર્ષના બજેટ અંગેની તૈયારીઓ પણ હાલ હાથ ધરવામાં આવી છે. આ માસના અંતમાં અથવા માર્ચના પ્રથમ સપ્તાહમાં પંચાયતનું બજેટ રજુ થશે તેમ મનાઈ રહ્યું છે.

# મુખ્યમંત્રી આનંદીબેનના મોટા બહેન શાંતાબેનનું નિધન

અમદાવાદ, તા. ૨

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેનના મોટા બહેન શાંતાબેનનું આજે સવારે અવસાન થયું છે. પોતાની મોટી બહેન ગુમાવવાના કારણે આનંદીબેન ખુબ જ વ્યથિત થઈ ગયા હતા. શાંતાબેન મૃતદેહને વિસનગર અને વિજાપુર વચ્ચે આવેલા ગોઠવા ગામે લઈ ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તેમના અંતિમ સંસ્કાર આજે બપોર પછી કરવામાં આવશે. પ્રાથમિક વિગતો સુત્રો તરફથી મળી રહી છે કે, મુખ્યમંત્રી આ ખબર સાંભળીને તાત્કાલિક જ ગોઠવા ગામે પહોંચી ગયા હતા. પરિવારના સ્વજનો તથા રાજકીય નેતાઓ પણ તેમને અંતિમ વિદાય આપવા ગોઠવા ગામે જવા રવાના થયા હોવાનું માહિતી મળી છે.

# શહેરમાં નગરજનો ઘરને આધુનિક ટચ આપી રહ્યા છે


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર,તા. ૨

ગાંધીનગર શહેરના સેકટરોમાં આવેલા ખાનગી રહેણાંક મકાનોને બે દાયકાથી વધુ સમય થતા મકાનો જર્જરીત થવા લાગ્યા છે. પોતાના ઘરને અત્યંત આધુનિક નગરજનો અત્યારે હાલના સમયે બનાવી રહ્યા છે. નગરના સેકટરોમાં મકાન રીનોવેશનના કાર્ય થતા મકાનો નજરે પડી રહ્યા છે. નગરમાં બિલ્ડીંગ ક્ષેત્રે સંકળાયેલા કોન્ટ્રાકટરોના ધંધામાં તેજી જોવા મળી રહી છે. જયારે શહેરીજનો પોતાના સ્વપ્નના ઘરને સજાવવા માટે લાખો રુપીયા ખર્ચતા પણ અચકાતા નથી.

ગાંધીનગર શહેરમાં સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારી- કર્મચારીઓને હોદા પ્રમાણે સરકાર દ્વારા પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. આ પ્લોટ પર જે તે સમયે કર્મચારીઓએ પોતાના બજેટ પ્રમાણે જરુરીઆત મુજબનું ઘરનું ઘર બનાવ્યું હતું. વર્ષો અગાઉ શહેરના નવા સેકટરોમાં આવેલા નાના તેમજ મોટા પ્લોટમાં તૈયાર મકાનોને બે દાયકાથી વધુ સમય થઈ જવા આવ્યો છે. નગરજનોએ જર્જરીત અને જરુરીઆત વધતા ઘરને આધુનિક બનાવવા માટેની કવાયત હાથ ધરી હોય તેવું લાગી રહ્યું છે. નગરમાં ૯૦ મીટરના પ્લોટમાં તૈયાર કરાયેલા ઘરને બંગલા જેવો લુક આપવામાં આવી રહ્યો છે. પોતાના સ્વપ્નના ઘરને હાઈફાઈ સુવિધાથી સજ્જ કરવા માટે નગરવાસીઓ લાખો રુપીયાનો ખર્ચ કરતા પણ

● અનુસંધાન પાન-૭ પર

# નવી સિરિઝના બાકી રહેતા નંબરો માટે આગામી ૬ઠ્ઠીએ હરાજી

ગાંધીનગર તા ૨

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરની નવી સિરિઝ અન્વયે બાકી રહેતા પસંદગીના નંબરો માટે આગામી તા ૬ ફેબ્રુઆરીના રોજ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. સુવર્ણ અને રજત નંબરોની યાદી મુજબ હરાજીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આર ટી ઓ કચેરી દ્વારા વાહનોની નવી સિરિઝ માટે પસંદગીના નંબરો માટે હરાજીની નવી પ્રક્રીયાનો અમલ કરવામાં આવ્યો છે. જયારે હરાજીની નવી પ્રક્રીયાના અમલ બાદ અરજદારોમાં પણ ઉત્સાહનો અભાવ વર્તાય છે. આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલરના જી જે ૧૮ સીએમ તેમજ સીટી ની નવી સિરિઝ તેમજ ફોર વ્હીલર માટે જી જે ૧૮ બી ઈ ની સિરિઝ માટે ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરીના બાકી રહેતા નંબરો માટે હરાજીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આગામી તા ૬ ફેબ્રુઆરીના રોજ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા અરજદારોએ પોતાની અરજી આગામી તા ૫ ફેબ્રુઆરી સુધીમાં આર ટી ઓ કચેરીને મોકલી દેવાની રહેશે. ફોર વ્હીલર માટેની બી ઈ ની સરીઝમાં ગોલ્ડન કેટેગરીમાં નં ૭૮૬, તેમજ રજત નંબરોમાં ૨, ૨૭, ૫૦૦૫, તેમજ ૨૦૦૦ સહીતના નંબરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મોટર સાઈકલની જી જે ૧૮ સી એલની ગોલ્ડન નંબરોની સિરિઝ માટે ૧૧, ૨૨૨૨, ૯૦૯૦, ૯૦૯૯ સહીતના નંબરો માટે હરાજી હાથ ધરાશે. આ ઉપરાંત રજત નંબરો માટે ૩૦૩, ૭૦૦૭, ૮૦૦૮, ૩૩૩ સહીતના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

**બેસણું**



મારા ધર્મપત્નિ **શ્રીમતી પુષ્પાબેન ડી. ચાવડા**નું તા.૦૧-૦૨-૨૦૧૬ને સોમવારના રોજ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૦૪-૦૨-૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન :- "ૐ કાર" પ્લોટ નં.૧૪૬/૧, સેક્ટર-૬/બી, ગાંધીનગર

ડી. એસ. ચાવડા (નિવૃત, નાયબ સચિવ) | છાયા એમ. ચાવડા (પુત્રવધુ)
મહેશ ડી. ચાવડા (પુત્ર) | પન્ના ડી. ચાવડા (પુત્રી)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**તૃતીય પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા**
સ્વ. તા. ૩-૨-૨૦૧૩

આપનો અપાર સ્નેહ, સુમેળભર્યો વ્યવહાર, કૌટુંબિક ભાવના, સર્વે પ્રત્યે અખૂટ લાગણી સાથેનો આપનો આનંદી અને માયાળુ સ્વભાવ વ્યવહાર કુશળતા, સંસ્કાર અને સ્નેહ ભાવનાની સુવાસ કદી ભુલાશે નહીં. આપનો નિ:સ્વાર્થ સ્વભાવ અમોને સદા પ્રેરણા આપતો રહેશે. આપના પૂણ્યશાળી આત્માને પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય શાંતિ અર્પે તેવી વંદના સહ...

કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા (૮૧૫૬૦૦૫૨૪૬)
અમરીષસિંહ કેસરીસિંહ વાઘેલા | ધવલસિંહ કેસરીસિંહ વાઘેલા
પ્રવિણસિંહ ચંદનસિંહ વાઘેલા | પૃથ્વીરાજસિંહ કેસરીસિંહ વાઘેલા

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com